RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 40, Dt.27-04-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોદી પ્રચંડ બહુમતી સાથે ત્રીજી વાર પીએમ બનશેઃ શાહ

## ગુજરાતની તમામ બેઠકો જંગી લીડથી જીતવાનો વિશ્વાસ વ્યકત કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહઃ રાજકોટના જામકંડોરણામાં પોરબંદર બેઠકના ભાજપના લોકસભાના ઉમેદવાર ડો.મનસુખભાઈ માંડવિયાના સમર્થનમાં વિજય સંકલ્પ સભાને સંબોધતાં સ્ટાર પ્રચારક

**મુખ્ય સમાચાર, અમરેલી**

આજરોજ ૨૭ એપ્રિલે કેન્દ્રીય મંત્રી અને ભાજપના સ્ટાર પ્રચારક અમિત શાહ લોકસભા ચૂંટણીના પ્રચાર માટે ગુજરાતમાં છે. તેઓ દિવસ દરમિયાન ૩ સભા માટે પ્રચાર કરવાના છે. જેમાંની સવારે પોરબંદર લોકસભા બેઠકમાં આવતા જામકંડોરણામાં સભા સંબોધી હતી. મધ્યાહન બાદ ભરૂચમાં અને બપોરે ગોધરામાં જાહેરસભાને સંબોધન કરશે. આ ઉપરાંત તેઓ વડોદરા શહેરમાં રોડ શો કરશે. જેમાં તેઓ ખુલ્લા વાહનમાં લોકસંપર્ક કરશે. જામકંડોરણામાં સભાને સંબોધી કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, બન્ને ચરણમાં રાહુલ બાબાના સૂપડા સાફ થઇ ગયા છે. અયોધ્યામાં રામ મંદિર મુદ્દો કોંગ્રેસ સરકાર ૭૦-૭૦ વર્ષ સુધી ભટકાવતી રહી, આખરે મોદી સાહેબને



બીજી વખત વડાપ્રધાન બનાવવામાં આવતા તેમણે રામ મંદિર બનાવી સમગ્ર વાતાવરણ જયશ્રી રામના નામનું કરી દીધું. વધુમાં કહ્યું, સોમનાથ મંદિર સોનાનું બનાવવાનું શરૂ થઇ ગયું છે.

અમિત શાહે જામકંડોરણાથી સભાને સંબોધતા કહ્યું, પોરબંદરથી પહેલી સભા કરું છું, ત્યારે ગુજરાતને અપીલ કરું છું કે, ગાંધી-સરદારના ગુજરાતને મોદી સાહેબ દુનિયામાં ઓળખ આપી રહ્યા છે, તમામ ૨૫ બેઠકમાં કમળ ખીલાવી, નક્સલવાદ અને આતંકવાદ દૂર કરવા, ગરીબી દૂર કરવા કમળનું બટન દબાવજો અને મોદી સાહેબને ત્રીજી વખત વડાપ્રધાન બનાવજો.

હજારો વર્ષથી આપણું ભારત દુનિયામાં મહાન હતું એ સાંભળતા આવ્યા છીએ. મોદી સાહેબનો સંકલ્પ છે કે, ૨૦૪૭માં વિકસિત ભારત બનાવીશું. ૧૦ વર્ષમાં મોદી સાહેબે કોંગ્રેસે કરેલો ખાડો પુરવાનું કામ કર્યું છે. આવતા ૫ વર્ષમાં ખાડો પુરવાનો પાયો નાખવામાં આવશે.૧૦ વર્ષ સુધી ગઠબંધનમાં સોનિયા મનમોહન સરકાર હતી. ગુજરાતને અન્યાય કરવામાં કાઈ બાકી નથી રાખ્યું, નરેન્દ્રભાઈએ ૧૦ વર્ષમાં તમામ કામ પુરા કર્યા છે. ૫ લાખ ૯૫ હજાર કરોડ રૂપિયા ગુજરાતને આપ્યા છે. કોંગ્રેસ સરકારે મહાત્મા ગાંધી અને સરદાર સાહેબનું નામ ભુલાવી દીધું હતું. સરદારનું સ્મારક બનાવવાનું કામ મોદી સાહેબે કર્યું છે.

દરિયાકાંઠો નરેન્દ્ર ભાઈએ સુરક્ષિત કર્યો છે,

# ઈડીના ચાર સાક્ષી ભાજપ સાથે સંકળાયેલાંઃ સુપ્રીમ કોર્ટમાં કેજરીવાલે ગુજરાતી ડાયરીનો ઉલ્લેખ કર્યો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી દારૂ કૌભાંડ મામલે મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલા સીએમ કેજરીવાલે આજે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. તેમણે ઊઉના આરોપો પર જવાબ આપતાં કહ્યું કે ઊઉના ચારેય સાક્ષીઓ ભાજપ સાથે સંકળાયેલા છે. હવાલા એજન્ટ પાસેથી ગુજરાતીમાં લખેલી ડાયરી મળી આવી હતી, જેને ભાજપે તેના પુરાવા તરીકે રજૂ કરી હતી.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ચાર સાક્ષીઓનો ઉલ્લેખ કર્યો હતો જેમાં એક ભાજપ સમર્થિત લોકસભા ઉમેદવાર મંગુતા શ્રીનિવાસન રેડ્ડી, કથિત લીકર પોલિસી કૌભાંડમાં ભાજપને ૬૦ કરોડ દાન આપનારા શરથ



રેડ્ડી, ભાજપના ગોવાના એક સિનિયર નેતા તથા પ્રમોદ સાવંતના ખાસ સત્ય વિજય અને ગોવાના સીએમ અને પ્રચાર મેનેજમેન્ટની નજીકના વ્યક્તિના નિવેદનનો સમાવેશ થાય છે.

સીએમ કેજરીવાલે કહ્યું કે આ તમામ લોકોના નિવેદનના આધારે મારી ધરપકડ કરવામાં આવી છે. થોડા દિવસો પહેલા EDએ આ મામલે સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો હતો. હવે કેજરીવાલે પણ આ મામલે કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તેમની ધરપકડ અને ન્યાયિક કસ્ટડીને પડકારી હતી.

સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીને ૨૪ એપ્રિલ સુધીમાં જવાબ દાખલ કરવા કહ્યું હતું. જ્યારે સીએમ કેજરીવાલે ૨૭મી એપ્રિલ સુધીમાં કાઉન્ટર એફિડેવિટ ફાઇલ કરવાનું કહ્યું હતું. ઊઉની એફિડેવિટમાં કહેવામાં આવ્યું હતું કે કેજરીવાલની અરજીમાં કોઈ યોગ્યતા નથી. તપાસમાં અસહકારના કારણે તેમની ધરપકડ કરવી જરૂરી હતી.

# હવે બોર્ડની પરીક્ષામાં નાપાસ થશો તો પણ વર્ષ નહીં બગડેઃ પુરક પરીક્ષામાં અપાઈ મોટી છુટછાટ

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ગમે તેટલાં વિષયની ફરીથી પરીક્ષા આપી શકશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામ જાહેર કરવાની તૈયારી છે અને વિદ્યાર્થીઓ પણ ઉત્સુકતાપૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા છે તે પૂર્વે જ શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ખાસ કરીને ધો.૧૨ના વિજ્ઞાનપ્રવાહના પરિણામો હવે ગમે તેટલા વિષયની ફેર પરીક્ષા આપી શકશે જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં એકને બદલે બે વિષયની ફેર પરીક્ષા આપી શકાશે. ધો.૧૦માં બેને બદલે ત્રણ વિષયમાં ફેર પરીક્ષા આપી શકાશે. આ સંજોગોમાં નાપાસ થતા વિદ્યાર્થીઓનું વર્ષ નહીં



બગડે અને પૂરક પરીક્ષાના આધારે વર્ષ બગાડયા વિના શિક્ષણ ચાલુ રાખી શકશે. રાજ્યમાં બોર્ડ પરીક્ષાના પરિણામ પૂર્વે જ શિક્ષણ બોર્ડ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામો વહેલા જાહેર કરવાનું આયોજન ગોઠવાયું હતું હવે ક્યારે જાહેર થાય છે તેના પર વિદ્યાર્થીઓની મીટ છે. સાથોસાથ પૂરક પરીક્ષા પણ વહેલી યોજવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે તેવા સમયે જ શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. નાપાસ થતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષના બદલે એવા ઉદ્દેશ્ય સાથે નાપાસ વિદ્યાર્થીઓને વધુ તક આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલા નિર્ણય પ્રમાણે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ હવે ગમે તેટલા વિષયની ફેર પરીક્ષા આપી શકશે. મુળ પરીક્ષામાં નાપાસ થયા હોય તો પણ ગમે તેટલા પેપર આપી શકશે. આખી પરીક્ષા નવેસરથી આપનાર વિદ્યાર્થીના બંને પરીક્ષામાં જે સર્વોચ્ચ ગુણ કે ટકાવારી હોય તેને ધ્યાને લેવામાં આવશે. અર્થાત વિદ્યાર્થીઓને 'બેસ્ટ ઓફ ટુ'નો લાભ મળશે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ આ પ્રકારે રાહત આપવામાં આવી છે. અત્યાર સુધી એક વિષયમાં નાપાસ વિદ્યાર્થીને જ ફેર પરીક્ષાની તક આપવામાં આવતી હતી. હવે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પણ પૂરક પરીક્ષા આપી શકશે.

ધો.૧૦માં પણ આ રીતે છુટછાટ આપવામાં આવી છે. ધો.૧૦માં અત્યાર સુધી બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીને પૂરક પરીક્ષાની છુટ આપવામાં આવતી હતી તેના બદલે હવે ત્રણ વિષયમાં પરીક્ષાર્થી નાપાસ થાય તો પણ પૂરક પરીક્ષા આપી શકશે.

ગુજરાત શિક્ષણ બોર્ડના આ નિર્ણયથી વિદ્યાર્થીઓને ઘણો મોટો લાભ થશે અને શૈક્ષણિક વર્ષ બગડતું અટકી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ૩૯ લાખથી વધુ વિદ્યાર્થીઓએ જુદી જુદી બોર્ડ પરીક્ષા આપી હતી અને તેના પરિણામની પ્રતિક્ષા કરવામાં આવી રહી છે. બોર્ડનું પરિણામ જાહેર કરવામાં આવે તે પૂર્વે જ આ નિર્ણય વિદ્યાર્થીઓને ઘણી રાહત આપે તેમ માનવામાં આવી રહ્યું છે.

# કાશ્મીરના રામબનમાં જમીન સરકવા લાગતાં ૬૦ મકાનો ધરાશાયી

## ૧ કિ.મી.ના વિસ્તારમાં જમીન ધસી પડતાં વીજળી અને પાણી પુરવઠો ઠપ્પઃ સમગ્ર વિસ્તાર કોર્ડન કરાયો

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

ઉત્તરાખંડમાં જમીન ધસી પડવાના ઘટનાક્રમનો ગભરાટ માંડ શાંત બન્યો છે ત્યાં હવે કાશ્મીરમાં જમીન સરકવા લાગતા અને ૬૦થી વધુ મકાનો જમીનદોસ્ત થયાનો બનાવ બનતા ગભરાટ સર્જાયો છે. તાબડતોબ એકશનમાં આવી ગયેલી સરકાર દ્વારા ૩૦૦થી વધુ લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને સમગ્ર વિસ્તાર કોર્ડન કરીને વાહન સહિતનો વ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. વિજળીના ચાર તોતીંગ ટાવર પણ જમીનદોસ્ત થઇ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

કાશ્મીરના રામબન-ગુલ રોડ પર રામબનથી પાંચ કિ.મી. દુર પરનોટ ક્ષેત્રમાં ભૂસ્ખલન અને જમીન સરકી જવાનો બનાવ બન્યો હતો. જેમાં ૬૦



જેટલા ઘર ધરાશાયી થયા હતા. ૫૦થી વધુ પરિવારોના ૩૦૦ લોકોને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સતાવાર સુત્રોએ જણાવ્યું હતું કે એક કિ.મી. સુધીના વિસ્તારમાં જમીન સરકી ગઇ હતી.

આ વિસ્તારના મકાનો તથા માળખાકીય સુવિધાઓને નુકસાન થયું હતું. વિજળીના ચાર ટાવર આ વિસ્તારમાં સ્થપાયેલા હતા તે પણ જમીનદોસ્ત થઇ ગયા છે જેને પગલે સમગ્ર વિસ્તારમાં વિજળી પુરવઠો પણ ખોરવાઇ ગયો છે. આ ઘટનાની જાણ થતાની સાથે જ જિલ્લા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને બચાવ ટુકડીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સ્થળાંતર કરાયેલા તમામ લોકોને જરૂરી મદદ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

સરકારી સુત્રોએ જણાવ્યું કે સમગ્ર એક કિ.મી.ના વિસ્તારમાં ગઇકાલ સાંજથી જમીન સરકવાનું શરૂ થઇ ગયું હતું અને તેને પગલે લોકોમાં ફફડાટ સર્જાયો હતો. સંખ્યાબંધ મકાનો સંપૂર્ણ રીતે નષ્ટ થયા હતા જયારે અનેક મકાન ઇમારતોમાં તિરાડો પડવા લાગી હતી. આ બનાવની જાણ થતા તાત્કાલિક વહીવટી તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

લોકલ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા બાદ જિલ્લા સ્તરે જાણ કરવામાં આવી હતી. જેને પગલે પોલીસ, એસડીઆરએફ, સિવિલ સિકયુરીટી સહિતની રાહત બચાવ ટુકડીઓને દોડાવવામાં આવી હતી. અસરગ્રસ્તોને સલામત બહાર કાઢીને સુરક્ષીત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટરે કહ્યું કે, જમીન સરકવાથી સમગ્ર માર્ગમાં વિઘ્ન સર્જાયુ છે. વાહન વ્યવહાર રોકી દેવામાં આવ્યો છે. વીજ પુરવઠો ખોરવાયો છે તે પુનઃ સ્થાપિત કરવા માટે ટીમોને કામે લગાડવામાં આવી છે. સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે. લોકોને ગભરાટ નહીં રાખવા અને આગમચેતીના પગલા લેવાની સૂચના આપવામાં આવી છે. પાણીની પાઇપલાઇન પણ તુટી પડી હોવાથી પાણી પુરવઠો ઠપ્પ છે.


# જમ્મુ-કાશ્મીરના સોપોરમાં બે આતંકવાદીઓ ઠાર મરાયા

## બે જવાન ઘાયલઃબે દિવસથી ઓપરેશન ચાલુઃ નૌપોરા વિસ્તારમાં એક મકાનમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શુક્રવારે ઉત્તર કાશ્મીરના સોપોરમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા, જ્યાં ગુરુવારે સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કર્યું હતું. આતંકીઓ સાથેની અથડામણમાં બે જવાન ઘાયલ થયા છે. આ દરમિયાન એક નાગરિકને ખભામાં ગોળી વાગી હતી. તેને જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો, જ્યાંથી તેને શ્રીનગર રેફર કરવામાં આવ્યો હતો.

નૌપોરા વિસ્તારમાં એક મકાનમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સુરક્ષા દળોએ ત્યાં ઘેરાબંધી કરી હતી. આતંકવાદીઓએ સુરક્ષાદળો પર ગોળીબાર કર્યો અને ત્યાં અથડામણ થઈ. ગુરુવારે રાત્રે અંધારું થતાં કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. આજે સવારે ફરી ગોળીબાર શરૂ થયો હતો જેમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.લગભગ



પાંચ મહિના પહેલા ૧૭ નવેમ્બરે કુલગામમાં એક ઘરમાં છુપાયેલા પાંચ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા. તેમાંથી એક સગીર હતો. એક દિવસ પહેલા મળેલી માહિતીના આધારે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો.

# ચેરિટેબલ અને ધાર્મિક ટ્રસ્ટ 30 જૂન સુધી ટેક્સ ઓથોરિટી પાસે રજિસ્ટ્રેશન કરાવી શકશે, CBDTએ મુદ્દત વધારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરા વિભાગે ચેરિટેબલ અને ધાર્મિક ટ્રસ્ટનું ટેક્સ ઓથોરિટી સમક્ષ રજિસ્ટ્રેશન કરાવવાની મુદ્દત લંબાવી 30 જૂન કરી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસએ ટ્રસ્ટ, સંસ્થાઓ અને ફંડ્સ દ્વારા ફોર્મ ૧૦ એ અને ફોર્મ ૧૦એબીનું ફાઈલિંગ કરવાની સમય મર્યાદા 30 સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી લંબાવી હતી.

સીબીડીટીએ જણાવ્યું હતું કે, ''સીબીડીટી દ્વારા 30 સપ્ટેમ્બર, ૨૦૨૩ની અંતિમ તારીખ પછી આ ફોર્મ ભરવાની નિયત તારીખ વધુ લંબાવવાની રજૂઆતોને ધ્યાનમાં રાખીને, અને કરદાતાઓની વાસ્તવિક મુશ્કેલીઓ ટાળવા માટે, CBDTએ ફોર્મ ભરવાની નિયત તારીખ 10A/ફોર્મ 10AB જૂન 30, ૨૦૨૪ સુધી લંબાવી છે.''

બીજા તબક્કાની ચૂંટણીઃ આ આઠ બેઠકો પર ભાજપને ભારે પડશે આ ચાર પડકાર, ઓછું મતદાન થશે તો...

ફોર્મ ૧૦અ એ ટ્રસ્ટ/સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલ એક અરજી ફોર્મ છે જેઓ આવકવેરા મુક્તિ માટે રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. ફોર્મ ૧૦ AB ટ્રસ્ટ/સંસ્થાઓ દ્વારા તેમની કાયમી નોંધણીને રિન્યૂ કરવા માટે ફાઇલ કરવામાં આવે છે.

સીબીડીટીએ વધુમાં સ્પષ્ટતા કરી કે જો આવા કોઈ વર્તમાન ટ્રસ્ટ, સંસ્થા અથવા ફંડ વિસ્તૃત નિયત તારીખની અંદર AY




2022-23 માટે ફોર્મ 10A ફાઇલ કરવામાં નિષ્ફળ ગયા હોય, અને ત્યારબાદ, નવી એન્ટિટી તરીકે કામચલાઉ નોંધણી માટે અરજી કરી હોય અને ફોર્મ 10AC પ્રાપ્ત કરવા માગતા હોય તો તે મેળવી શકે છે. 30 જૂન, ૨૦૨૪ સુધી ફોર્મ 10Aમાં ફોર્મ 10AC રજૂ કરી હાલના ટ્રસ્ટ, સંસ્થા અથવા ફંડ તરીકે AY ૨૦૨૨-૨૩ માટે નોંધણી માટે અરજી કરી શકાશે.

સીબીડીટીએ જણાવ્યું હતું કે જે ટ્રસ્ટો, સંસ્થાઓ અથવા ફંડો રજિસ્ટ્રેશન રિન્યુ કરાવવા માટેની અરજીઓ મોડેથી ફાઇલ કરવા અથવા ખોટા સેક્શન કોડ હેઠળ ફાઇલ કરવાને કારણે નકારી કાઢવામાં આવી હતી, તેઓ પણ 30 જૂન, ૨૦૨૪ની વિસ્તૃત સમયમર્યાદામાં ફોર્મ 10ABમાં નવી અરજી સબમિટ કરી શકે છે.

# સ્ત્રી ધન પર પતિ કે સાસરિયાંનો હક નથીઃ સુપ્રીમકોર્ટ

## જેમાં રોકડ, સોનુ, ભેટ, મિલ્કતો અને બચતનો સમાવેશ થાય છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાને ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે, 'જો કોંગ્રેસની સરકાર આવશે તો તેઓ લોકોની સંપત્તિ લઈને વધુ બાળકો પેદા કરનારા અને ઘૂસણખોરી કરનારાઓને વેચી દેશે. જ્યારે તેમની (કોંગ્રેસ) સરકાર હતી ત્યારે તેમણે કહ્યું હતું કે, દેશની સંપત્તિ પર મુસ્લિમોનો પ્રથમ હક છે. તેનો અર્થ એ કે, આ સંપત્તિ એકઠી કરી કોને વેચશે? જેના વધુ બાળકો છે તેમને વહેંચી દેશે... શું તમારી મહેનતના નાણાં ઘૂસણખોરી કરનારાને આપી દેવાશે? શું આ તમને મંજૂર છે?'

તેમણે વધુમાં કહ્યું હતું કે કોંગ્રેસનો ઢંઢેરો કહે છે કે તેઓ માતા-બહેનોના સોનાનો હિસાબ કરશે. તેના વિશે માહિતી લેશે અને પછી તેનું વિતરણ કરશે. એવામાં પ્રશ્ન થાય કે સ્ત્રી ધન શું છે?



સુપ્રીમ કોર્ટે ગુરુવારે સ્ત્રી ધન બાબતે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો, કે 'મહિલાઓનું સ્ત્રી ધન તેમની સંપત્તિ છે અને તેમને તેની ઈચ્છા મુજબ સ્ત્રી ધન ખર્ચ કરવાનો અધિકાર છે. આ સ્ત્રી ધનમાં પતિ તેનો ભાગીદાર બની શકે નહિ. પરંતુ સંકટ સમયે પત્નીની સંમતિથી તેનો ઉપયોગ કરી શકે છે.'

જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે સ્ત્રી ધન બાબતે જણાવ્યું હતું કે સ્ત્રી ધનમાં લગ્ન પહેલા, લગ્ન દરમિયાન કે પછી માતા-પિતા, સાસરિયાં, સગાંવહાલાં અને મિત્રો પાસેથી મળતી દરેક ભેટ, પૈસા, ઘરેણા, જમીન અને વાસણ જેવી તમામ વસ્તુઓનો સમાવેશ થાય છે.

સ્ત્રી ધનનો અર્થ થાય છે સ્ત્રીના હકના પૈસા, મિલકત, દસ્તાવેજ કે અન્ય વસ્તુઓ. એક એવી માન્યતા પણ છે કે લગ્ન દરમિયાન મહિલાઓને ભેટમાં જે કંઈ મળે છે તેને સ્ત્રી ધન માનવામાં આવે છે જે ખોટું છે.

હકીકતમાં બાળપણથી જે વસ્તુઓ મળે છે તે દરેક સ્ત્રી ધનનો જ ભાગ છે. જેમાં રોકડા, સોનું, ભેટ, મિલકતો અને બચતનો સમાવેશ થાય છે. આ સિવાય માત્ર પરિણીત મહિલાઓનું સ્ત્રી ધન હોય એવું પણ નથી, અપરણિત મહિલાઓનો પણ સ્ત્રી ધન પર કાયદેસર અધિકાર છે.


હિંદુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૧૪ અને હિંદુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૨૭ હેઠળ સ્ત્રી ધનનો અધિકાર આવે છે. જે સ્ત્રીઓને લગ્ન પહેલા કે લગ્ન પછી સ્ત્રી ધન રાખવાનો અધિકાર આપે છે. તેમજ જો મહિલા ઈચ્છે તો પોતાની મરજીથી કોઈને પોતાનું સ્ત્રી ધન આપી કે વેચી શકે છે. તેમજ જરૂરિયાત સમયે મહિલા તેના પતિને પણ સ્ત્રી ધન આપી શકે છે. જે પુરુષે પરત પણ કરવાનું રહે છે.

તેમજ ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ની કલમ ૧૨ હેઠળ ઘરેલું હિંસાનો ભોગ બનનાર સ્ત્રી પણ કાયદાની મદદથી તેમનું સ્ત્રી ધન પાછું મેળવી શકે છે. ઘણા કિસ્સાઓમાં સાસરીપક્ષ સ્ત્રીના મંગલસૂત્ર સિવાયના મોટા ભાગના સ્ત્રી ધનને સુરક્ષાના ભાગરૂપે પોતાની પાસ રાખી લેતા હોય છે. જેમાં કાયદો તેમને સ્ત્રી ધનના ટ્રસ્ટી માને છે. આથી જો ક્યારેય પણ મહિલા પોતા સ્ત્રી ધન પરત માંગે તો તેની ના પાડી શકાય નહિ.

જો કોઈ મહિલાનું સ્ત્રી ધન બળજબરીથી પોતાની પાસે રાખે છે, તો મહિલાને તે વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

સ્ત્રી ધન પ્રેમથી આપવામાં આવે છે જયારે દહેજ માંગના રૂપમાં આપવામાં કે લેવામાં આવે છે. જો મહિલાની સંપત્તિ તેના સાસરિય દ્વારા બળજબરીથી કબજે કરી લેવામાં આવે તો મહિલા તેના પર દાવો કે દહેજ ઉત્પીડનનો કેસ પણ દાખલ કરી શકે છે. પરંતુ ઈસ્લામમાં સ્ત્રી ધનનો કોન્સેપ્ટ નથી.

# જામનગરના સુભાષપરા વિસ્તારમાં બે ઘરફોડીનો ભેદ ઉકેલાયો






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સ્થાનિક ગુના શોધક શાખાએ હરિયા કોલેજ રોડ પર એક શખસને સકંજામાં લીધો હતો જેની પુછપરછમાં સુભાષપરા વિસ્તારમાં બે ઘરફોડીનો ભેદ ઉકેલાયો હતો.પોલીસે તેના કબજામાંથી સોનાના દાગીના અને રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જયારે પકડાયેલા શખસે પોલીસ સમક્ષ ગોકુલનગર વિસ્તારની એક ઓ રડીમાંથી બે મોબાઇલ પણ ઉઠાવ્યાની કેફિયત આપતા પોલીસે કબજે કરી ઘનિષ્ઠ પુછપરછ સાથે તપાસ આગળ ધપાવી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગરમાં સ્થાનિક ગુના શોધક શાખાના પીઆઇ વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળા સ્ટાફના હેડ કોન્સ. મયુદ્દિનભાઇ, અરજણભાઇભાઇ અને વનરાજભાઇ મકવાણા સહિતની ટીમે બાતમી પરથી હરિયા કોલેજ રોડ પરથી અજય જયંતિભાઈ રાઠોડ નામના શખ્સને સકંજામાં લીધો હતો.પોલીસે પકડાયેલા શખસની તલાશી લેતા તેના કબજામાંથી ૬૪ હજારની કિંમતના સાડા આઠ ગ્રામ વજનના સોનાના હીયરીંગ ઉપરાંત ૭ હજારની રોકડ રકમ અને બે મોબાઇલ ફોન મળી આવ્યા હતા.પોલીસે પકડાયેલા શખસને એલસીબી કચેરીએ ખસેડી પુછપરછ હાથ ધરી હતીજેમાં આ શખસે થોડા દિવસ પુર્વે શહેરના સુભાષપરા વિસ્તારમાં જુદા જુદા બે રહેણાંક મકાનમાંથી દાગીના અને રોકડ ચોરી કર્યાની પોલીસ સમક્ષ કબુલાત આપી હતી. જયારે ગોકુલનગરમાં દોઢેક મહિના પહેલાં એક ઓરડીમાંથી બે મોબાઈલ ઉઠાવ્યાની પણ પોલીસને કેફિયત આપી હતી પોલીસે મોબાઇલ સહિતનો ચોરાઉ મુદામાલ કબજે કરી પકડાયેલા શખસની ઘનિષ્ઠ પૂછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે

# જામનગરમાં લિફ્ટમાં ફસાઈ જવાથી ૧૭ વર્ષના સગીર તૌસિફ મકવાણાનું મોત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં લીફટમાં માથું ફસાઇ જતાં સગીરનું મોત નિપજતા ભારે અરેરાટી સાથે ચકચાર જાગી છે. શહેરમાં રણજીતનગરમાં આવેલા પટેલ સમાજમાં રસોડાની પાછળના ભાગે આવેલી માલસામાન હેરફેરની લીફટમાં આ બનાવ બન્યો હતો. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનોએ તરૂણને બેશુધ્ધ અવસ્થામાં બહાર કાઢી હોસ્પિટલ ખસેડયો હતો. જયાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક કેટરીંગમાં સર્વિસ બોય તરીકે કામ કરતો હતો. તરૂણના મૃત્યુથી પરિવાર પર વ્રજઘાત થયો છે.જામનગરમાં રણજીતનગરમાં આવેલા પટેલ સમાજમાં શુક્રવારે સાંજે સામાજીક પ્રસંગ હતો. આ દરમ્યાન કેટરીંગના ધંધાર્થીઓ દ્વારા રસોડામાં કામકામ ચાલી રહ્યું હતું. આ દરમ્યાન સાંજે ૮ વાગ્યાની આસપાસ પટેલ સમાજમાં રસોડાની પાસે આવેલી માલસામાનની હેરફેરની લીફટમાં કેટરીંગમાં સર્વિસબોય તરીકે કામ કરતો તોસીફ અહેમદ મકવાણા (ઉ.વ.૧૭)નું માથું ફસાઇ ગયું હતું. આથી તેણે બૂમાબૂમ કરતા તેની સાથે કામ કરતા લોકો દોડી આવ્યા હતાં.બનાવની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવી હતી. આથી ફાયરના જવાનો તાકીદે ઘટના સ્થળે દોડી ગયા હતાં અને તરૂણને બચાવવાની કામગીરી હાથ ધરી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ મહામહેનતે સગીરને બહાર કાઢયો હતો અને ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડયો હતો. જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. લીફટમાં માથું ફસાઇ જતાં તરૂણનું મૃત્યુ થવાથી પરિવારજનો પર વ્રજઘાત થયો છે

# જામનગરના ગોકુલનગર વિસ્તારમાંથી એલસીબીએ ચાંદીના દાગીના તથા મોબાઈલ સાથે શખ્સને ઝડપ્યો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાંથી એલસીબીએ એક શખ્સને ચાંદીના દાગીના તથા મોબાઈલ સાથે પકડી પાડ્યા પછી પૂછપરછ કરતા તેણે થોડા દિવસ પહેલા રડાર રોડ પર એક શાળાના બાંધકામના સ્થળેથી ચોરી કર્યાની કબૂલાત આપી છે.જામનગરના ગોકુલનગર રડાર રોડ પર સ્થાનિક ગુન્હાશોધક શાખાના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં સ્ટાફના મયુદ્દીન, અરજણભાઈ, ધર્મેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે વિજય ચનાભાઈ ચૌહાણ નામના રાવળ શખ્સને અટકાયતમાં લેવાયો હતો.

આ શખ્સની તલાશી લેવાતા તેની પાસેથી ચાંદીના સાંકળા, ચાંદીની બે બંગડી, ગળામાં પહેરવાની ચાંદીની મોતીની માળા, પગમાં પહેરવાની બે વીટી તથા રૂ. ૨૫૦૦નો મોબાઈલ મળી આવ્યો હતો. તેણે ઉપરોક્ત ચીજવસ્તુઓ થોડા દિવસ પહેલા ગોકુલનગરમાં આવેલી સરકારી શાળામાં ચાલતા બાંધકામના સ્થળેથી ચોરી કર્યાની કબૂલાત આપી છે. એલસીબીએ કુલ રૂ. ૯૮૦૦નો મુદ્દામાલ કબજે કરી વિજય ચનાભાઈ ચૌહાણની પૂછપરછ યથાવત રાખી છે.

# યોગ અને કર્મયોગના સંયોગથી જિંદગી પારસમણી થઈ જાય છેઃ ડો રાજીવ મિશ્રા

## કર્મજ્ઞાન સમજી અને તેના અપનાવી તો જિંદગી સો ટકા મોજમાં બદલાતી દેખાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યોગ અને કર્મયોગનો જો સંયોગ થાય તો જીવન આપણું પારસમણિ થઈ જાય છે આ વાત કર્મયોગી ડોક્ટર રાજીવ મિશ્રાએ કરી હતી દર રવિવારે કર્મયોગ મંદિર ઇવનિંગ પોસ્ટ જુબેલીબાગ પાસે દર રવિવારેસવારે ૭:૪૦ થી ૮.૨૦ કલાક દરમિયાન કર્મજ્ઞાન પર યોજાતા ડોક્ટર રાજીવ મિશ્રાના નિશુલ્ક લેક્ચરમાં કર્મજ્ઞાન સમજી જિંદગી કઈ રીતે મોજથી જીવી તેના પર તલસ્પર્શી સમજણ અપાય છે



ડોક્ટર રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું કે કર્મજ્ઞાન ને આપણા જીવનમાં ઉતારીએ તો આપણે સોના પાછળ નહીં ભાગીએ ખુદ જિંદગી છે આપણને સોના જેવી દેખાશે અને દરેક ક્ષણ સુખ શાંતિ અને સંતુષ્ટીથી માણીએ આ તમામ બાબતને શક્ય બનાવવા યોગ અને પ્રાણાયામ સાથે કર્મજ્ઞાન ને અપનાવીએ વધુ વિગત માટે ડોક્ટર રાજીવ મિશ્રા whatsapp નંબર ૮૫૧૧૮ ૨૯૦૦૨ પર સંપર્ક કરી કર્મજ્ઞાનના ગ્રુપમાં જોડાઈએ.

# મોરબીમાં એક જ દિવસમાં અપમૃત્યુના ચાર બનાવોમાં પરિણીતા સહીત ચારના મોત થતા ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં એક જ દિવસમાં અલગ અલગ સ્થળોએ ચાર અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાતા સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી હતી. અપમૃત્યુના નોંધાયેલ બનાવોમાં એક પરિણીતા સહીત ચાર લોકોના મૃત્યુ નિપજ્યા હતા.

ત્યારે અપમૃત્યુના પ્રથમ બનાવમાં ટંકારા તાલુકાના વાઘગઢ ગામે રહેતા ૪૫ વર્ષીય દિનેશભાઈ અરજણભાઈ બોપલીયા રાત્રે સુતા બાદ સવારે તેમને જગાડેલ ત્યારે જગ્યા ન હતા તેથી પરીજનો દ્વારા દિનેશભાઈને બેભાન હાલતમાં ટંકારા સરકારી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યારે ટંકારા હોસ્પિટલ ખાતે ફરજ પરના ડોક્ટરે દિનેશભાઇને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. જે મૃત્યુના બનાવ અંગે ટંકારા પોલીસ મથકમાં ટેલીફોનીક જાણ કરતા પોલીસ ટીમ ટંકારા હોસ્પિટલ ખાતે પહોંચી ખાતાકીય કાર્યવાહી પૂર્ણ કરી અપમૃત્યુના બનાવની ટંકારા પોલીસ મથકમાં અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

જયારે બીજા બનાવમાં મૂળ ઉત્તરપ્રદેશના વતની હાલ ઘૂંટુ ગામ નજીક સીરામીક ફેક્ટરીની લેબર કોલોનીમાં રહેતા યુવકને તેની વાગ્દતા સાથે મોબાઇલ ફોન ઉપર બોલાચાલી થતા જે બાબતનું લાગી આવતા યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સમગ્ર અપમૃત્યુના બનાવની પ્રાપ્ત વિગત મુજબ મોરબીના ઘૂંટુ ગામ લગધીરપુર રોડ ઉપર કેરોનાઇટ કજારીયા (મેટ્રો પોલ)સીરામીકના કારખાનાની લેબર કોલોનીની ઓરડી નંબર-૬૫માં રહેતા મૂળ યુ.પી. રાજ્યના લખાનપુર પોસ્ટ પીપરીના રહેવાસી ૨૩ વર્ષીય અખીલેશ ખરપતુભાઇ વર્મા પોતાની વાગ્દતા લક્ષ્મી નામની યુવતી સાથે કોઇ કારણસર મોબાઇલ ફોનમા બોલાચાલી ઝઘડો થતા જે બાબતનું અખીલેશને લાગી આવતા પોતે પોતાની જાતે કેરોનાઇટ સીરામીક કારખાનાની લેબર કોલોનીની ઓરડી નંબર-૬૫ ના છતના ભાગે લગાવેલ પંખા સાથે ઓઢવાની સાલના ગમચા વડે ગળેફાસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મરણ જતા મોરબી તાલુકા પોલીસે અકાળે મોતની નોંધ કરી હતી.

અપમૃત્યુના ત્રીજા બનાવમાં લખધીરપુર ગામે ચામુંડા માતાજી મંદિર પાછળ રહેતા રવિનાબેન રાહુલભાઇ બારૈયા ઉવ.૨૧ એ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લઇ જીવન ટૂંકાવ્યું હતું. ત્યારે રવિનાબેનના મૃતદેહને તેમના પતિ રાહુલભાઈ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવેલ હતા. વધુમાં મૃતક રવિનાબેનના ત્રણ વર્ષ પૂર્વે લગ્ન થયા હતા. અને ત્રણ વર્ષના લગ્નગાળા દરમિયાન સંતાન નહિ હોવાની પ્રાથમિક વિગતો જણાવી હતી. ત્યારે હાલ મોરબી તાલુકા પોલીસે બનાવ અંગે અ.મોતની નોંધ કરી વહુ તપાસ શરૂ કરી છે. જયારે ચોથા બનાવમાં મોરબી-૨ ભડીયાદ વિસ્તારમાં રહેતા જયસિંગ રાઘવસિંગ ઉવ.૪૫ કારખાનામાં પતરા ચડાવવાનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, ત્યારે ગઈકાલે તા.૨૬/૦૪ના રોજ જયસિંગ મોરબી સામાકાંઠા વિસ્તારમાં ભડીયાદ રોડ ઉપર આવેલ ૭૭૭ નામના કારખાનામાં પતરા ચડાવવાનું કામ કરતી વેળાએ અકસ્માતે ઉંચાઈ ઉપરથી નીચે જમીન ઉપર પટકાતા તેનું મોત નીપજ્યું હતું. મૃતક જયસિંગની ડેડબોડી મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. ત્યારે હાલ મોરબી બી ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ દાખલ કરી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં મતદારોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા હોટલોમાં ૧0% ડિસ્કાઉન્ટની જાહેરાત

## લોકોમાં મતદાનની જાગૃતિ માટે શહેરની સયાજી હોટલ, જી.કે.હોટલ, હોટલ ફર્ન રેસિડેન્સી, સવેરા ઈન તથા રીજન્ટા હોટલની અનોખી પહેલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી. ઝવેરીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા જીલ્લામાં લોકોને મતદાન અંગે જાગૃત કરવા તેમજ લોકો અવશ્ય મતદાન કરે તે માટે પ્રેરિત કરવાના આશયથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મોરબી જીલ્લાના નાગરિકો અને ખાસ કરીને વિવિધ એસોસિએશન અને વેપારીઓ વિવિધ પહેલ કરી મતદાન જાગૃતિના જીલ્લા ચૂંટણી તંત્રના આ પ્રયાસમાં જોડાઈ રહ્યા છે. જીલ્લાની મહત્તમ હોટલ અને રેસ્ટોરેન્ટ દ્વારા જે લોકો મતદાન કરીને આગામી ૭મી મે હોટલ કે રેસ્ટોરેન્ટમાં મુલાકાત લે તેમના માટે ૧૦ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી છે.









મોરબીની સયાજી હોટલના માલિક રાજેશ પટેલ, જી.કે હોટલના મેનેજર માનસિંહજી, RE:GEN:TA INN હોટલના સેલ્સ મેનેજર અમરદીપસિંહ ગોહિલ, ફર્ન રેસિડેન્સીના જનરલ મેનેજર સુહાસ શ્રીમાળી તથા જ્અટઊિછઅ ઈંગગ હોટલના માલિક મિતેશ પટેલે જણાવ્યું હતું કે, ચૂંટણી વખતે લોકોને જાગૃત કરવાની આ પહેલમાં અમે મોરબીના હોટલના માલિકો પણ જોડાયા છીએ આગામી ૭ મેના રોજ લોકસભાની ચૂંટણીનું મતદાન યોજનાર છે ત્યારે મોરબી અને ગુજરાતની જાહેર જનતાને વિનંતી કરી હતી કે મતદાનના દિવસે શક્ય હોય એટલું વધુમાં વધુ મતદાન કરો. અને જે કોઈપણ વ્યક્તિ હોટલે આવી મતદાનનું પ્રૂફ બતાવશે તે વ્યક્તિને ૧૦ % ફુડ ઉપર ડિસ્કાઉન્ટ આપશે જેથી તમારો કિંમતી મત જરૂરથી આપજો અને એ મતનો પુરાવો બતાવી આ ડિસ્કાઉન્ટનો લાભ મેળવજો.

આગામી ૭ મેના રોજ સમગ્ર ગુજરાતની સાથે મોરબી જીલ્લામાં પણ લોકસભાની ચૂંટણી યોજનાર છે. ત્યારે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અંતર્ગત વિવિધ આયોજનો કરી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. મોરબી જીલ્લાના વેપારીઓ પણ મતદાન જાગૃતિના આ પ્રયાસમાં જોડાયા છે જેમાં મોરબી જીલ્લાની લગભગ તમામ મોટી હોટલ અને રેસ્ટોરન્ટ દ્વારા મતદાન કરેલા વ્યક્તિઓ માટે આગામી ૭ મેના રોજ ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે તો મોરબીની જી.કે.હોટલ તથા સયાજી હોટલ દ્વારા પણ આ ઓફર મૂકવામાં આવી છે.

જીલ્લા ચૂંટણી તંત્રની સાથે અનેક સંસ્થાઓ પણ લોકશાહીનું આ મહાપર્વ ઉજવવામાં આવી રહ્યું છે તો લોકશાહીના મહાપર્વમાં મતદાતાઓને મતદાન કરવા પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી મોરબીની અનેક હોટલ્સમાં ડિસ્કાઉન્ટ આપવામાં આવશે તેવી ઓફર કરવામાં આવી છે.

# મોરબીની પી.જી.પટેલ કોલેજમાં લગ્નના દિવસે કન્યાએ એમ.કોમની પરીક્ષા આપી

**મુખ્ય સમાચાર, મોરબી**

જિંદગી ની પરીક્ષા માં તો આગળ જઈને પાસ થવાનુ જ છે પણ તે પહેલાં ભણતર ની પરીક્ષા માં પાસ પણ થવું છે તેવું માનતી ખુશાલી આજરોજ લગ્ન ના પોશાકમાં પી.જી પટેલ કોલેજ પહોંચીને ખ.ઈઘખ. ની પરીક્ષા આપી હતી એક જ દિવસે પરીક્ષા અને લગ્ન હોય ત્યારે બને જવાબદારી ખુશાલી એ નિભાવી હતી.જેમાં પ્રોત્સાહન આપતા યુવતીના ભાવિ પતિએ કહ્યું હતું કે ''તું પરીક્ષા આપ જાન હું રોકીને રાખીશ'' ત્યારે આ યુગલ વિદ્યાર્થીઓ માટે અને જે પરિવારો છે કે નવવધુઓ ને અભ્યાસ કરવાથી





રોકતા હોય છે તેવા પરિવારો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.

મોરબીની પી. જી. પટેલ કોલેજમાં અભ્યાસ કરતા ખુશાલી ચાવડા કે જેઓના આજે લગ્ન હતા અને સાથે સાથે એમ કોમ સેમ -૪ ની પરીક્ષા પણ હતી ત્યારે આવી સ્થિતિ વચ્ચે તેઓ પાનેતર પહેરીને પરીક્ષા આપવા પહોંચ્યા હતા અને તમામ લોકો ચોંકી ગયા હતા.સંસારની પરીક્ષા પહેલા ભણતરની પરીક્ષા આપનાર ખુશાલીબેન આ તકે, જણાવ્યું કે આવી સ્થિતિ વચ્ચે પરીક્ષા આપવા માટે આવવું થોડું મુશ્કેલ હતું અને માતા પિતા એ પણ એક તકે કહી દીધું હતું કે લગ્ન જરૂરી છે પરંતુ ભાવિ પતી અને શિક્ષકો ના સાથ મળ્યા બાદ પરિવારનો પણ સાથ મળ્યો હતો.તેમજ તેમના ભાવી પતી રાજ જોષી એ તો જણાવ્યું હતું કે તું પરીક્ષા આપ હું જાન રોકી ને રાખીશ ત્યારે તેઓના આ વલણ ને કારણે આ બધું શક્ય બન્યું અને આ સાથે બીજા વાલીને વિનંતી કરતા કહ્યું કે દીકરીઓને શિક્ષણ માટે પૂરતો સાથ આપે. આમ ખુશાલીબેન તમામ વિદ્યાર્થી માટે પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સાથે જ પરીક્ષા આપનાર યુવતીના ભાવિ પતી રાજ જોષી એ જણાવ્યું હતું કે કોઈ દીકરી ને આપણે આપણા ઘરે લઈને આવતાં હોય તો તેના મન ની ઈચ્છાઓને મારવી ન જોઈએ આપણે તેના મન પર હક જતાવી શકતા નથી અને દરેક પરિવારે આ રીતે વર્તવું જોઈએ.

# જામનગર એમ.પી.શાહ મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર વિશ્વ મલેરિયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે જે અંતર્ગત જી.જી. હોસ્પિટલ સલંગ્ન એમ.પી.શાહ મેડિકલ કોલેજના કોમ્યુનિટી મેડિસિન વિભાગના પ્રોફેસર ડો.નરેશ મકવાણા તથા ડો. કિશોર ધડુકના માર્ગદર્શન હેઠળ પબ્લિક હેલ્થ નર્સ જ્યોતિબેન પરમાર તથા વિભાગના રેસિડેન્ટ ડોક્ટરો અને પેરામેડિકલ સ્ટાફ દ્વારા શહેરના દિગ્વિજય પ્લોટ સ્થિત વિશ્રામવાડી અર્બન હેલ્થ ટ્રેનિંગ સેન્ટર ખાતે આ દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં દિગ્વિજય પ્લોટ સ્થિત ઓશવાળ સ્કૂલમાં વિદ્યાર્થીઓને મલેરિયા રોગ શું છે, કઈ રીતે ફેલાય છે, રોગના લક્ષણો શું છે, લક્ષણો જણાય તો શું કરવુ તથા આ રોગને આગળ વધતો કઈ રીતે અટકાવી શકાય તે અંગે માહિતગાર કરવામાં આવ્યા તથા કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીના માધ્યમથી વિદ્યાર્થીઓના મલેરિયા તથા અન્ય રોગોના જ્ઞાન અંગે માહિતી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કોમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા અવારનવાર સ્વાસ્થ્યલક્ષી અનેક મુદ્દાઓ અંગે લોક જાગૃતિ માટેના પ્રયત્નોના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું શહેરના અલગ અલગ વિસ્તારોમાં આયોજન કરવામાં આવે છે.

# જામનગર જિલ્લા હોમગાર્ડઝના જવાનોએ અચુક મતદાનના શપથ ગ્રહણ કર્યા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, આગામી સમયમાં લોકસભાની ચૂંટણી માટે મતદાનની તારીખ નજીક આવી રહી છે ત્યારે જામનગર જિલ્લાના હોમગાર્ડઝ ભાઈઓ, બહેનો અને અધિકારીઓ દ્વારા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાના અધ્યક્ષ સ્થાને ચુંટણીલક્ષી શપથવિધિ ગ્રહણ કરવામાં આવી હતી. જેમાં તમામ હોમગાર્ડઝ ભાઈઓ અને બહેનો તથા અધિકારીઓએ શપથ લીધા હતા. આગામી મતદાનના દિવસે અમે ૧૦૦% સભ્યો મતદાન કરીશું અને અમારા પરિવારના સભ્યો અને મિત્રો તથા લોકોને પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સમજાવીશું. તેમજ જામનગર જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય તે માટે લોકોને નિર્ભય રીતે મતદાન કરવા પ્રેરણા આપીશું. આ તકે જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટે હોમગાર્ડઝ સભ્યોને શપથ લેવડાવ્યા હતા. જેમાં સીટીના અધિકારીઓ વિજયસીંહ વાળા, હિતેશ જેઠવા, જયેશ રાણા, મનીષ સમર્થક, કમલેશ ગઢિયા, જયેન્દ્ર કણજારીયા, હિમાંશુ પુરોહિત, રાજેશ ઓઝા, અને હોમગાર્ડઝ ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતાં.

# મોરબી સામાકાંઠા વિસ્તારમાંથી ટંકારાનો યુવક વિદેશી દારૂની ત્રણ બોટલ સાથે પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-૨ માં મહેન્દ્રનગર નજીક આવેલ સમર્પણ હોસ્પિટલ નજીકથી ટંકારાનો વેપારી યુવક વિદેશી દારૂની ત્રણ નંગ બોટલ સાથે પોલીસની ઝપટે ચડ્યો હતો, ત્યારે મોરબી બી ડિવિઝન પોલીસે વિદેશી દારૂની બોટલો કબ્જે લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોરબી બી ડિવિઝન પોલીસ ટીમે ટંકારાના લોવાસમાં લક્ષ્મીનારાયણ મંદિરવાળી શેરીમાં રહેતા વેપારી અલ્પેશભાઇ પ્રભુલાલ ખોખાણી ઉવ.૩૩ પાસેથી ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર વિદેશી દારૂની ગ્રીન લેબલ વ્હિસ્કીની શીલપેક ૩ નંગ બોટલ વેચાણ કરવાના ઇરાદે સાથે રાખી મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો કિ.રૂ.૧,૦૨૦/-નો મુદામાલ કબ્જે લઇ આરોપી વિરુદ્ધ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી. હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ધપાવી છે.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

# આજી ડેમમાં પ્રેમિકાને તરતા શીખડાવવા જતા યુવાનનું ડુબી જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર વિસ્તારમાં રહેતી હીનાબેન અરવીદ ચૌહાણ અને જીલ્લા ગાર્ડન પાસે રહેતો અરવીદ કેશુભાઈ ચૌહાણ નામનું યુગલ આજીડેમ ખાતે ફરવા ગયા બાદ નહાવા પડયા હતા. દરમિયાન ડેમમાં બંને ડુબવા લાગતા ત્યાં હાજર રહેલા સ્થાનિક લોકોએ જાણ કરતા ફાયરબ્રીગેડ અને પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને હીનાબેનને ફાયરબ્રીગેડના સ્ટાફે બહાર કાઢી હોસ્પિટલમાં ખસેડી હતી. દરમિયાન ડેમમાં ગરક થઈગયેલા અરવીદ ચૌહાણની શોધખોળ શરૂ કરી હતી.

દરમિયાન ફાયર બ્રિગેડના સ્ટાફે ભારે જહેમતના અંતે ડેમમાં ગરક થયેલા અરવીદ ચૌહાણનો મૃતદેહ બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો. આ અંગે પોલીસે હાથ ધરેલી તપાસમાં રૈયાધારમાં રહેતી હીનાબેનને ચારેક વર્ષ પહેલા જીલ્લા ગાર્ડન પાસે રહેતા અરવીદ ચૌહાણ સાથે પરીચય થયા બાદ બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને હીનાબેનના પતિનું બીમારીથી મૃત્યુ નિપજયા બાદ બંને મૈત્રીકરારથી સાથે રહેતા હતા અને ગઈકાલે આજીડેમ ફરવા ગયા બાદ હીનાબેનને તરતા શીખડાવવા જતા આ બનાવ બન્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# ભાજપના પોસ્ટર ઉપર સ્ટીકર લગાવતા સામાજિક કાર્યકરોની અટકાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ ઉપર ભાજપના લાગેલા પોસ્ટરો ઉપર સામાજિક કાર્યકર દ્વારા પક્ષ અને પ્રતિનિધિને સંબોધન કરતા સ્ટીકરો લગાવવામાં આવતા પોલીસે અટકાયત કરી હતી.

રાજકોટમાં રૂપાલાના વિરોધ વચ્ચે ઠેર ઠેર મુખ્ય માર્ગો ઉપર ભારતીય જનતા પાર્ટીના બેનરો અને પોસ્ટરો લગાવવામાં આવ્યા છે ત્યારે રાજકોટમાં હેલ્મેટ મુદ્દે તંત્ર સામે લડત આપનાર સામાજિક કાર્યકર અશોક પટેલ સહિતનાઓએ આ તમામ ભાજપના બેનરો ઉપર વ્યક્તિવાદ, પક્ષ નહી પ્રતિનિધિ સહિતના પોસ્ટરો લગાવી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો તેણે જણાવ્યું હતું કે આ પોસ્ટરોમાં એકપણ ઉમેદવારનો ફોટો લગાવવામાં આવ્યો નથી આ વખતે જ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી ત્યાંથી પસાર થતા તેમણે આ લોકોને ટપાર્યા હતા બનાવની જાણ થતા તુરંત માલવિયાનગર પોલીસ મથકનો સ્ટાફદોડી ગયો હતો અને વૃદ્ધ સહિતનાની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાણાવાવથી દોહિંત્રના લગ્નમાં આવેલા વૃધ્ધ અને મુંજકાના યુવાનનું હૃદય બેસી જતાં મૃત્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાણાવાવથી રાજકોટ દોહિંત્રના લગ્ન પ્રસંગમાં આવેલા વૃધ્ધનું હૃદય બેસી જતાં મૃત્યુ થયું હતું. તો મુંજકામાં રહેતાં બેતાલીસ વર્ષના યુવાનનું સવારે એકાએક છાતીમાં દબાણ થયા બાદ મૃત્યુ નિપજતાં બંનેના પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. આ બનાવ અંગે પોલિસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાણાવાવ રેલ્વે ક્વાર્ટરમાં રહેતાં કિશોરભાઈ નાથાભાઈ પરમાર (ઉં.વ.૬૮)ના દિકરી રમીલાબેન મહેશભાઈ મોરબીયા જે રાજકોટ ધરમ સિનેમા પાછળ સરકારી આવાસમાં રહે છે તેણીના દિકરાના લગ્ન હોઈ તેમાં હાજરી આપવા આવ્યા હતાં. ગઈકાલે માંડવાનો પ્રસંગ હતો અને આજે રાજકોટમાં જ જાન જવાની હતી. રાતે સાડા બારેક : વાગ્યે કિશોરભાઈને એકાએક છાતીમાં દુઃખાવો થતાં બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃત્યુ પામનાર કિશોરભાઈને સંતાનમાં ત્રણ પુત્ર, એક પુત્ર છે. બીજા બનાવમાં રાજકોટના મુંજકામાં રહેતાં જીગરભાઈ ભરતભાઈ મકવાણા (ઉં.વ.૪૨) સવારે ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન થઈ જતાં ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલમાં- ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત જાહેર કરવામાં આવતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ જણાવ્યું હતું. મૃત્યુ પામનાર જીગરભાઈ બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતાં અને કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતાં હતાં. યુવાન દિકરાના મૃત્યુથી - મકવાણા પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. ઓચીંતા હાર્ટએટેકની ઘટનાઓ રોજરોજ બનતી રહે છે. યુવાન અને બાળકોના પણ આ રીતે ભોગ લેવાઈ જાય છે. ત્યારે હૃદય બંધ પડી જવાની વધુ બે ઘટનાઓનેકારણે પરિવારજનો ઉંડા આઘાતમાં ગરક થઈ ગયા હતાં.

# શાપર-વેરાવળ પાસે ડમ્પર પાછળ ડમ્પર ઘુસી જતા ચાલકનું મોત

## ગોંડલના ડૈયા ગામે સામસામે બે બાઈક અથડાતા પ્રૌઢનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળ પાસે હાઈવે પર બંધ હાલતમાં પડેલા ડમ્પર પાછળ ડમ્પર ઘુસી જતાં રાજકોટના ડમ્પર ચાલકને ગંભીર ઈજા થતા તેનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે બીજી એક ઘટનામાં ગોંડલના ડૈયા ગામ પાસે બે બાઈક સામસામા અથડાતા ઘવાયેલા પ્રૌઢનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટના કોઠારિયા મેઈન રોડ શ્રી રામ વાટીકા પાસે રહેતા ડમ્પર ચાલક રમેશભાઈ સરદારભાઈ પટેલિયા ઉ.વ.૪૧ નામના કોળી યુવાન ગઈકાલે બપોરે પોતાનુ ડમ્પર લઈ રાજકોટથી રીબડા માલભરવા જવા માટે નિકળ્યો હતો. દરમિયાન શાપર-વેરાવળ ઓવરબ્રીજ ઉતરતા રોડ ઉપર વચ્ચોવચ બંધ હાલતમાં પડેલા ડમ્પરની પાછળ રમેશભાઈનું ડમ્પર ધડાકાભેર અથડાઈ પડયું હતું. આ અકસ્માતમાં રમેશભાઈને પગમાં અને માથામાં ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તેમનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નિપજ્યું હતું. ડમ્પર ચાલક રમેશભાઈને સંતાનમાં એક દિકરો અને દિકરી હોવાનું અને બે ભાઈ અને ત્રણ બેનમાં સૌથી મોટા હોવાનું જાણવા મળ્યું છે. બીજી એક ઘટનામાં ગોંડલના ડૈયા ગામ પાસે બે બાઈક સામસામા ધડાકાભેર અથડાઈ પડતા પાટીદડ ગામના વિનોદરાય મનસુખભાઈ ખાચર નામના પ્રૌઢને ગંભીર ઈજા સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું જ્યારે તેમના મિત્ર મનજીભાઈ ટપુભાઈ દુદકિયાને ઈજા પહોંચી હતી આ બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જી નાશી છુટેલા અજાણ્યા બાઈક ચાલકની શોધખોળ હાથ દરી છે.પહોંચી હતી આ બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જી નાશી છુટેલા અજાણ્યા બાઈક ચાલકની શોધખોળ હાથ દરી છે.

# રાજકોટ રેન્જના પાંચ જિલ્લાના ૬૦ બુટલેગરો અને અસામાજિક તત્વો પાસામાં ધકેલાયા

## લોકસભાની ચૂંટણી પૂર્વે લોકો શાંતિપૂર્ણ રીતે મતદાન કરી શકે તે માટે રૂરલ પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્તમાન સમયમાં ચુંટણીની આદર્શ આચારસંહિતા લાગુ હોય જે અનુસંધાને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઇ રહે અને મતદાન શાંતિપુર્ણ વાતાવરણમાં થાય તે સારૂ પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર રાજકોટ રેન્જ નાઓ દ્વારા રેન્જ હસ્તકના ૫(પાંચ) જીલ્લાઓમાં અલગ - અલગ ગેરકાયદેસર પ્રવતિઓ સાથે સંકળાયેલા અસામજીક તત્વો વિરુધ્ધ પાસાની દરખાસ્તો તૈયાર કરી જિલ્લા કલેકટર તરફ ફાઈનલ હુકમ મેળવવા સારૂ મોકલી આપી પાસા વોરંટ મેળવી અસામાજીક તત્વોની અટકાયત કરી અલગ-અલગ જીલ્લાની જેલમાં મોકલી આપવા કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં રેન્જ હસ્તકના જીલ્લાઓમાં કુલ - ૬૦ આરોપીઓ વિરુધ્ધ પાસા અંગેના ફાઇનલ હુકમ મેળવી તેની બજવણી કરી અટકાયત કરી અગલ-અલગ જીલ્લાની જેલોમાં મોકલી આપવાની કામગીરી કરવામાં આવેલ છે. પાસાના આરોપીઓમાં કુલ - ૩૭ પ્રોહીબીશનની ગેરકાયદેશર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમોનો સમાવેશ કરવામાં આવેલ છે.

પાસાના આરોપીઓમાં કુલ - ૨૩ ભયજનક વ્યકતિ / નાણાધીરધાર તથા જાતીય સતામણીની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમોનો સમાવેશ કરવામાં આવેલ છે. રાજકોટ રેન્જના દેવભુમી દ્વારકા જીલ્લા પોલીસ દ્વારા કુલ - ૪, જામનગર જીલ્લા પોલીસ દ્વારા કુલ - ૧૫, મોરબી પોલીસ દ્વારા કુલ - ૧૧, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા કુલ - ૧૩ અને સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ દ્વારા કુલ - ૧૭ પાસાના હુકમો મેળવી રેન્જમાંથી કુલ - ૬૦ અલગ - અલગ ગેરકાયદેસર પ્રવતિઓ સાથે સંકળાયેલા અસામજીક તત્વો વિરુધ્ધ પાસા અંગેના ફાઇનલ હુકમ મેળવી તેની બજવણી કરી અટકાયત કરી અગલ-અલગ જીલ્લાની જેલોમાં મોકલી આપવાની કામગીરી કરેલ છે અને આ કામગીરી આગામી લોકસભા ચંટણી સુધી ચાલુ રહેશે.

# જામનગરના નવાગામ ઘેડમાં ભાજપના કાર્યાલય ઉદ્દઘાટનમાં રાજપૂત સમાજ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના નવાગામ ઘેડમાં ભાજપના કાર્યાલય ઉદઘાટનમાં જય ભવાની સાથે ઉગ્ર વિરોધ ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે અને મતદાનની તારીખ નજીક આવી રહી છે ત્યારે જ ભાજપ સામે રાજપૂત સમાજનો વિરોધ ઉગ્ર બની બહાર આવી રહ્યો છે . આ વિરોધની આગ રાજકોટના નિવેદનને લઈને જામનગરમાં પણ બરોબરની જામી હોય તેમ કાર્યાલય ઉદઘાટન પ્રસંગે રાજપૂત સમાજના લોકોએ જય ભવાનીના નારા સાથે ઉગ્ર વિરોધ દેખાડતા જોયા જેવી થઈ છે .જામનગર ના નવાગામ ઘેડ વિસ્તારમાં ભાજપના વોર્ડ નંબર ૪ ના ચૂંટણી કાર્યાલય ઉદઘાટન પ્રસંગે જ રાજપૂત સમાજના લોકો જય ભવાનીના નારા સાથે ધસી આવ્યા હતા અને ઉદઘાટન પહેલા બરોબરના નેતાઓને બાન માં લઈ નારાઓ પોકાર્યા હતા .જો કે , આ વિરોધ દરમિયાન પોલીસ પણ ઉગ્ર વિરોધને રોકી શકી ન હતી . ત્યારે સમગ્ર ગુજરાતમાં રાજપૂત સમાજનો વિરોધ ચાલી રહ્યો છે . જે હાલ જામનગરમાં પણ જોવા મળી રહ્યો છે .

# રેલનગરમાં આવેલ મહારાણા પ્રતાપ ટાઉનશીપમાં મહિલાનો આપઘાતનો પ્રયાસ

## પ્રેમ પ્રકરણની જાણ થતાં મંડપ સર્વિસના ધંધાર્થી એવા પ્રેમીની પત્નીએ ઝઘડો કરતાં પ્રેમિકાએ પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પ્રેમ લગ્ન બાદ છુટાછેડા થઈ ગયા બાદ ત્યકતાને મંડપ સર્વિસના ધંધાર્થી સાથે આંખ મળી જતા મૈત્રી કરાર કર્યા હતા. જે પ્રેમપ્રકરણની મંડપ સર્વિસના ધંધાર્થીની પત્નીને જાણ થતા પતિનીએ પ્રેમિકા સાથે ઝઘડો કર્યો હતો જેથી પ્રેમિકાએ ફિનાઈલ પી લીધું હતું. પ્રેમિકાને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ રેલનગર વિસ્તારમાં આવેલી મહારાણા પ્રતાપ ટાઉનશિપમાં રહેતી શીતલબેન દિવ્યેશભાઈ વસોયા નામની ૩૨ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે રાત્રીના નવેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી દીધું હતુ પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્રનગર પોલીસને જાણ કરતા પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં શીતલબેને દિવ્યેશભાઈ વસોયા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. દંપતી વચ્ચે અણબનાવ બનતા શીતલબેને દિવ્યેશભાઈ વસોયા સાથે છૂટાછેડા લઈ લીધા હતા. બાદમાં છએક માસથી બજરંગ વાડીમાં રહેતા અને ખોડીયાર મંડપ સર્વિસના નામે ધંધો કરતા મંડપ સર્વિસના ધંધાર્થી મિતેશ પોબારૂ સાથે શીતલબેનને આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. અને બંને મૈત્રી કરારથી સાથે રહેતા હતા. પતિના પ્રેમ પ્રકરણની મિતેશ પોબારૂની પત્ની મનિષાબેનને જાણ થતા મનિષાબેન અને શીતલ બેન વચ્ચે ઝઘડો થયો હતો જેથી શીતલબેન મહારાણા પ્રતાપ ટાઉનનશપમાં રહેતી પોતાની બહેનના ઘરે ચાલી ગઈ હતી અને જ્યાં ફીનાઇલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાર્બેજ કલેક્શન સાથે મતદાતાઓને અપાઈ રહ્યો છે મતદાન જાગૃત્તિનો સંદેશ

## ધોરાજીમાં ગાર્બેજ વાન દ્વારા ''નો યોર પોલિંગ સ્ટેશન કાર્યક્રમ''ની અપાઈ માહિતી





**મુખ્ય સમાચાર રાજકોટ**

લોકસભા સામાન્ય ચુંટણી - ૨૦૨૪નું ત્રીજા તબક્કાનું મતદાન તા.૭ મે, ૨૦૨૪ના રોજ થનાર છે. ત્યારે મતદાતા મતદાન દિવસ પહેલા જ પોતાના મતદાન મથકની જાણકારી પ્રાપ્ત કરી શકે તે હેતુ વહીવટી તંત્ર દ્વારા ''નો યોર પોલિંગ સ્ટેશન'' કાર્યક્રમ કરવામાં હાથ ધરવામાં આવ્યો છે.

જે અંતર્ગત ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં ''ડોર ટુ ડોર'' ગાર્બેજ કલેક્શન વાન દ્વારા '' તા.૨૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સવારે ૯:૦૦ થી બપોરના ૧૨:૩૦ વાગ્યા સુધી યોજાનાર ''નો યોર પોલિંગ સ્ટેશન'' કાર્યક્રમની માહિતી આપવામાં આવી રહી છે. આ કાર્યક્રમ હેઠળ બુથ લેવલના અધિકારીશ્રીઓ દ્વારા લાગુ પડતા મતદાન મથકો પર રૂબરૂ મુલાકાત લઈ મતદાતાઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. જેનો લાભ લેવા વહીવટી તંત્રએ અનુરોધ કર્યો છે.

# જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા એમ.સી.એમ.સી. કંટ્રોલ રૂમની કામગીરીની સમીક્ષા


## ઉત્સાહપૂર્ણ રીતે ચૂંટણી ફરજ બજાવતા દિવ્યાંગ કર્મચારીઓને કલેકટરએ બિરદાવ્યા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી તથા જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આજે કલેક્ટર કચેરી ખાતે કાર્યરત મીડિયા સર્ટિફિકેશન અને મોનિટરિંગ કમિટી (એમ.સી.એમ.સી.)ના કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. તેમણે સમાચારોના નિરીક્ષણ કામગીરીની સમીક્ષા કરી હતી. આ સાથે ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે, આચારસંહિતાને લગતી બાબતો પર ખાસ વોચ રાખવા સૂચના આપી, કામગીરીમાં શું સાવધાની રાખવી તેનું માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સાથે નિવાસી અધિક કલેક્ટર ચેતન ગાંધી







પણ ઉપસ્થિત રહ્યા હતા. એમ.સી.એમ.સી.ના નોડલ અધિકારી સોનલ જોશીપુરાએ કંટ્રોલરૂમની કામગીરી તેમજ સંલગ્ન બાબતો અંગે જિલ્લા ચૂંટણી અધિકારીને માહિતી આપી હતી. આ તકે સહાયક માહિતી નિયામક સુશ્રી પ્રિયંકા પરમાર પણ સાથે રહ્યા હતા.

નિવાસી અધિક કલેક્ટર ચેતન ગાંધીએ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૪થી દિવ્યાંગ કર્મચારીઓને તેમની સ્થિતિને અનુરૂપ ન્યૂઝ મોનિટરિંગની કામગીરી સોંપવામાં આવે છે. લોકશાહીના અવસર એવી ચૂંટણીમાં ફરજ સોંપવા દિવ્યાંગ કર્મચારીઓએ કરેલી રજૂઆત અને તેઓએ દર્શાવેલા ઉત્સાહને પગલે તેમને આ ફરજ સોંપવાનું શરૂ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાર્યરત એમસીએમસીના કંટ્રોલરૂમમાં ૫૦થી વધુ દિવ્યાંગ કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં ૨૪ કલાક ફરજ બજાવે છે.

# ઘેલા સોમનાથ મંદિરના પૂજારી અને સોશ્યલ મીડિયા ઈનફ્લુઅન્સર દ્વારા મતદાનની અપીલ

## વિંછીયા ગામે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયોઃ જસદણની રેસ્ટોરન્ટમાં મતદાનના દિવસે ૭% વળતર અપાશે

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ સંસદીય મત વિસ્તારનો દરેક નાગરિક લોકસભાની ચૂંટણીના મહાપર્વની ઉજવણીમાં જોડાય, તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં જસદણ વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાના વડપણ હેઠળ સતત મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.





જે અન્વયે ઘેલા સોમનાથ મંદિરના પૂજારીશ્રી હસુભાઈ જોશીએ મતદાનની અપીલ કરતા જણાવ્યું હતું કે, જસદણ મત વિસ્તારમાં તા. ૭/૫/૨૦૨૪ના રોજ બહોળી સંખ્યામાં મતદારો મતદાન કરીને લોકશાહીના અનેરા ઉત્સવમાં ભાગીદાર બને. તેમજ સોશિયલ મીડિયા ઈનફ્લુઅન્સરશ્રી પાર્થભાઈ પરજીયા ઉર્ફે લાલભાઈએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ ઉપર દેશના વિકાસ માટે વેકેશનમાં ફરવા નીકળી જવાના બદલે મત આપવા જવા અને 'રાષ્ટ્રના ઘડતર માટે તમે અમૂલ્ય છો અને તમારો મત પણ અમૂલ્ય છે.' વિચારને સાકાર કરવા અનુરોધ કર્યો હતો.

વધુમાં, વિંછીયા તાલુકાના વિંછીયા ગામે સત્યજીત સોસાયટીના રહેવાસીઓને મતદાન જાગૃતિ તથા ચુનાવ પાઠશાળા કાર્યક્રમ અન્વયે મતદાન કરવા અંગે સમજૂતી આપવામાં આવી હતી. ખાસ કરીને મહિલાઓની ભાગીદારી વધારવા તેઓને મતદાન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. મતદાન આમંત્રણ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને અચૂક મતદાન કરવા અંગે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. તેમજ જસદણમાં આવેલી સહજાનંદ રેસ્ટોરન્ટની બંને બ્રાન્ચમાં મતદાન કરી આવનાર વ્યક્તિઓને બિલ ઉપર ૭% વળતર આપવાની જાહેરાત કરવામાં આવી છે.

# '૧૦ મિનિટ દેશ માટે': રાજકોટના રેલનગરમાં રંગલા, રંગલીએ નાટક થકી આપ્યો અચૂક મતદાનનો સંદેશ

## મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશિપમાં મતદાન જાગૃતિ અંગે નાટક યોજાયું








**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટના રેલનગરની મહર્ષિ દયાનંદ ટાઉનશિપમાં રંગલા અને રંગલી સહિતના કલાકારોએ હાસ્ય અને મનોરંજન સાથે નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો.

'લોકશાહીનો અવસર' એવી ચૂંટણી આવી પહોંચી છે ત્યારે, મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના નેતૃત્વમાં, ૧૦-રાજકોટ સંસદીય મત વિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે.

જે અંતર્ગત આજે મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપમાં '૧૦ મિનિટ દેશ માટે...' નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાટકના કલાકારોએ લોકોનું મનોરંજન તો કર્યું જ, આ સાથે ચૂંટણી પંચે મતદાન માટે કરેલી વિવિધ તૈયારીઓ, સખી મતદાન મથકો, વિશેષ મતદાન મથકો, ચૂંટણી સંબંધિત માહિતી આપતી વિવિધ મોબાઇલ એપ્સ તેમજ મતદાનના મહત્વને વણી લઈને, અચૂક મતદાનનો સંદેશો આપ્યો હતો. મતદાનમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે નસ્ત્રઆ વખતે છે અમારી તૈયારી, કરીશું મતદાનમાં મોટી ભાગીદારી, અમે છીએ ગુજરાતની નારી' જેવા સૂત્રો સાથે મતદાન માટે ઉત્સાહ જગાવવામાં આવ્યો હતો.

રંગલા-રંગલીનું આ નાટક જોવા મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા અને મતદાન અંગે જાગૃતિ કેળવી હતી. આ સાથે સૌએ મતદાન અંગે પ્રતિજ્ઞા પણ લીધી હતી.

આ નાટક પૂર્વે ધોરણ ત્રણની હરિયાળી નામની બાલ છાત્રાએ પ્રભાવશાળી રીતે સૌને મતદાન માટે અપીલ કરી હતી.

આ આ સમયે પૂર્વ મામલતદાર કચેરીના વોર્ડ ઓફિસર નીલમ બેલિમ, ઝોનલ ઓફિસર અલ્પેશ વીરપરા, નાયબ મામલતદાર નિલેશ સોરઠીયા, તથા બુથ લેવલ ઓફિસર અભિષેક ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# રજપુતપરામાં પ્રૌઢે સુડા વડે ગળુ કાપી કર્યો આપઘાતઃ અરેરાટી

## ૧૫ લાખની લોનના હપ્તા ચડત થઈ જતા આર્થિક ભીંસથી કંટાળી પ્રૌઢે અંતિમ પગલું ભર્યું





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ટિફિનનો વ્યવસાય કરતા આધેડે લોનના હમાની ઉઘરાણીથી કંટાળી પોતાની જાતે ગળાના ભાગે તીક્ષણ હથિયારના ઘા ઝીંકી આત્મહત્યા કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં આવેલા રાજપુતપરામાં રહેતા રાજેશભાઈ બટુકભાઈ ચૌહાણ નામના ૫૮ વર્ષના આધેડ છએક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે બાજુમાં રહેતા મિત્રની ઓરડીમાં જઈ પોતાની જાતે તક્ષણ હથિયાર વડે ગળાના ભાગે કાપા મારી લીધા હતા. આધેડને લોહી લુહાણ હાલતમાં ઢળી પડયા હતા. આધેડને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે એ ડિવિઝન પોલીસને જાણ કરતા એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે અને સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક રાજેરાભાઈ ચૌહાણને સંતાનમાં એક પુત્ર છે અને પોતે ટિફિનનો વ્યવસાય કરતા હતા. રાજેશભાઈ ચૌહાણ ક્રેડિટ કાર્ડની લોન, વાહનના હતા. મોબાઈલના હપ્તા અને પર્સનલ લોનના હપ્તા નહીં ભરી શકતા લોનના હમાની ઉઘરાણીથી કંટાળી ગયા હતા. અને છેલ્લા ત્રણ દિવસથી ગુમસુમ રહેતા રાજેરાભાઈ ચૌહાણએ આજે મિત્રની ઓરડીમાં જઇ પોતાની જાતે ગળાના ભાગે તીક્ષણ હથિયારના ઘા ઝીંકી આત્મહત્યા કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે નોંધ કરી કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# રૂ.૪૦ હજારની લાંચ લેતા રંગે હાથ પડાયેલાં સીઆઈડી ક્રાઈમના પીએસઆઈએ રાત લોકઅપમાં વિતાવી

## સુરતના બીટકોઈન કેસના ગુનામાં આરોપીનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, મુદ્દામાલ પરત કરવા પીએસઆઈએ લાંચ માંગતા નવસારી ACBએ ગાંધીનગર સહયોગ સંકુલમાં છટકુ ગોઠવી રંગેહાથ ઝડપી લીધો


**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગરનો સીઆઈડી ક્રાઈમનો પોલીસ સબ ઈન્સપેક્ટર રૂ. ૪૦ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો છે. તેણે સુરતના એક કથિત બીટકોઈન કેસ સાથે સંકળાયેલા શખસનો જપ્ત કરેલ મુદ્દામાલ છોડાવવા લાંચની માંગણી કરી હતી. જે મામલે નવસારી એસીબીએ ગાંધીનગર સહયોગ સંકુલના પાર્કિંગમાં છટકુ ગોઠવીને આ શખસને ઝડપી લીધો હતો. લાંચની ફરિયાદ કરનાર શખસ સામે

સુરત ઝોન સીઆઈડી ક્રાઈમ પોલીસ મથકમાં બીટકોઈન મામલે ગુનો દાખલ થયો હતો. જે ગુનાની તપાસ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ કચેરીના પોલીસ સબ ઈન્સપેક્ટર જગદીશ તુલસીભાઇ ચાવડા ચલાવી રહ્યા હતા. તેમણે આ ગુનાના કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે લીધો હતો. જે મુદ્દામાલ છોડાવવાની અવેજ પેટે તેઓએ આ કેસના શખસ પાસેથી પચાસ હજારની લાંચની માંગણી કરી હતી. જે પેટે શખસ પાસેથી પ્રથમ હપ્તાના ૧૦ હજારની લાંચ લઇ પણ લીધી હતી. જ્યારે બાકીના ૪૦ હજારની લાંચની રકમ આજે આપવાની નક્કી કરવામાં આવી હતી. જોકે, આ મામલે શખસ લાંચની રકમ આપવા માંગતો ન હોય તેણે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના અનુસંધાને નવસારી એસીબીએ ગાંધીનગર સેક્ટર-૧૧ સ્થિત સહયોગ સંકુલના પાર્કિંગમાં છટકુ ગોઠવી બાકીના નાણાં લેવા આવેલા જગદીશ ચાવડાને રંગેહાથ ઝડપી લીધો હતો.

# કોઠારીયા રોડ પર રણુજા મંદીર પાસે થયેલ હત્યાના ગુન્હામાં આજીવન સજા પામેલ આરોપીના જામીન મંજુર

## સેશન્સ અદાલત દ્વારા ૩-આરોપીઓને આજીવન કેદની સજા આપવામાં આવેલી હતી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા.૧૩/૮/૨૦૧૭ ના રોજ સંગીતાબેન હરીશભાઈ કારીયાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ કે તેઓ તા.૧૩/૮/૨૦૧૭ ના રોજ બપોરે તેઓના ઘરે હાજર હતા ત્યારે ઈમરાનભાઈના મોબાઈલ પરથી ફોન આવેલ અને ફોન પર ગાળો આપવા લાગેલ તેથી મેં ઈમરાનભાઈને હાથઉછીના રૂા.૧૦,૦૦૦/- આપેલ તે મને આપી જાવ તેમ કહેતા ઈમરાનભાઈએ તેને કોઠારીયા રોડ રણુજા મંદીર આગળ બોલાવેલ અને ફરીયાદી તથા સુલતાનભાઈ તથા દીલાવરભાઈ તથા વિશાલભાઈ વિગેરે ત્યાં ગયેલ અને ત્યાં રંજનબેન, રંજનબેનના ઘરવાળા અને ઈમરાનભાઈ ત્યાં હાજર હતા અને ફરીયાદીએ ઈમરાનભાઈ પાસે રકમ પરત માંગતા ઈમરાનભાઈ ઉશ્કેરાઈ ગયેલ અને તેઓ ઢીકાપાટુંનો માર મારવા લાગેલ અને ગાળો બોલવા લાગેલ અને આ દરમ્યાન મારી સાથે રહેલ ત્રણેય જણા મને છોડાવવા વચ્ચે પડતા ઈમરાનભાઈ પાસે છરી હોય જે મને મારવા જતા સુલતાનભાઈ વચ્ચે પડતા સુલતાનભાઈને પેટના ભાગે મારી દીધેલ અને રંજનબેન અને તેના પતિએ મને ઢીકાપાટુંનો મારમારેલ અને ત્યારબાદ સુલતાનભાઈને ઈજાઓ થયેલ હોય મધુરમ હોસ્પીટલમાં સારવારમાં લાવેલ જે મુજબની ફરીયાદ કરેલ હતી જે કામમાં પોલીસતંત્ર ધ્વારા સૌપ્રથમ આઈ.પી.સી. કલમ ૩૨૬, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબની ફરીયાદ નોંધેલ હતી. ત્યારબાદ સારવાર દરમ્યાન સુલતાનભાઈનું મૃત્યુ થતા બનાવ ખુનના ગુન્હામાં પલટાયેલ હતો અને પોલીસ ધ્વારા આઈ.પી.સી. કલમ ૩૦૨ નો ઉમેરો કરવામાં આવેલ હતો અને જેમાં આજીડેમ પોલીસ સ્ટેશન ધ્વારા ઈમરાન કરીમભાઈ માડમ, અશોક મનસુખભાઈ કુવાડીયા, રંજનબેન અશોકભાઈ કુવાડીયાની ધરપકડ કરેલ અને તેમની સામે ચાર્જશીટ કરેલ હતું ત્યારબાદ આ કેસ ચાલવા ઉપર આવેલ હતો અને સદરહું કેસ ચાલી જતા રાજકોટની સેશન્સ અદાલત ધ્વારા તા.૧૬/૧/૨૦૨૪ ના રોજ ચુકાદો આપવામાં આવેલ હતો અને આ કામમાં આ કામમાં નામદાર સેસન્સ અદાલતે ઈમરાન કરીમભાઈ માડમ, અશોક મનસુખભાઈ કુવાડીયા, રંજનબેન અશોકભાઈ કુવાડીયાને તકશીરવાન ઠરાવી આજીવન સજાનો હુકમ કરેલ હતો અને દરેક આરોપીને ૧૩,૦૦૦ દંડ ભરવાનો હુકમ કરેલ હતો.

આ કેસ સાંયોગીક પુરાવાનો હોય અને સાંયોગીક પુરાવાની ચેઈન મળતી ન હોય આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સદરહુ હુકમથી નારાજ થઈને અપીલ કરેલ હતી. આ અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા એડમીટ કરી સરકારને નોટીસ કરેલ હતી અને જેમાં ઈમરાન કરીમભાઈ માડમ, રંજનબેન અશોકભાઈ કુવાડીયા એ જામીન અરજી કરેલ હતી.આ જામીન અરજીમાં રજુઆત કરેલ હતી કે આ કેસમાં આરોપી વિરુધ્ધ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ કરી શકેલ નથી, આરોપીઓની સામે ખુન કરવાના હેતુનો પણ પુરાવો સાબીત થતો નથી મહત્વના સાહેદોને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. અને બનાવ જાહેર સ્થળ પર બનેલ છે ત્યાં આજુબાજુ લોકોના નીવેદનો નોંધવામાં આવેલ નથી. ફરીયાદ જોતા ફરીયાદ વખતે ફરીયાદીને કોઈ ઈજાઓ થયેલ હોવાનું જણાય આવતું નથી. તેમજ આખો કેસ ફરીયાદ પક્ષ સાબીત કરવામાં નીષ્ફળ ગયેલ છે વગેરે કાયદાકીય મુદાઓની દલીલો કરવામાં આવેલ હતી અને ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ રાખવામાં આવેલ હતા. ઉપરોકત બચાવપક્ષની દલીલો, અને કાયદાકીય આધારો અને સેસન્સ અદાલતમાં રજુ થયેલ પુરાવાઓ અને જુબાનીઓ ધ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપી ઈમરાન કરીમભાઈ માડમ, રંજનબેન અશોકભાઈ કુવાડીયાને રૂા.૧૫,૦૦૦/- ના અપીલ ચાલતા દરમ્યાન જામીન ઉપર મુકત કરેલ છે. આ કામમાં રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિરાટભાઈ પોપટ, આશીષભાઈ ડગલી રોકાયેલ હતા.

# રિક્ષા ચાલકની પ્રામાણિકતાઃ મહિલાના ભુલાયેલાં પાંચ લાખના દાગીના પરત કર્યા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર રહેતા મહિલાના ગુમ થયેલા રૂા.૫ લાખના ૧૨ તોલા દાગીના પરત પોલીસને કરી મહિલા સુધી પહોંચાડી સરાહનીય કામગીરી કરી હતી. જે અંગે પોલીસે પણ રીક્ષાચાલકની પ્રમાણિકતાને બીરદાવી હતી.

વિગત મુજબ ગઈ તા.૨૧/૪ના સવારના આઠેક વાગ્યાની આસપાસ મોરબી રોડ પર જકાતનાકા પાસે રહેતા દક્ષાબેન ઈશ્વરભાઈ બારડ બી ડીવીઝન પોલીસ સ્ટેશને દોડી આવી જણાવ્યું હતું કે તે તેમના જેઠાણી સાથે લગ્ન પ્રસંગેથી પોતાના ઘરે પરત જતા હતા તે દરમ્યાન પોતાની પાસે રહેલ સોનાના દાગીના આશરે બાર તોલા તેમજ ચાંદીના દાગીના મળી કુલ રૂા.૫ લાખના દાગીના ગુમ થયા છે.

જેથી બાબતની ગંભીરતા લઈ બી ડીવીઝન પોલીસ મથકના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી પેડક રોડ, કુવાડવા રોડ, મોરબી રોડ તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન થોરાળા પોલીસે રીક્ષા ચાલક બાબુભાઈ નાથાભાઈ દેત્રોજા (રહે. માંડા ડુંગર) દોડી આવ્યા હતા અને જણાવ્યુ હતું કે તે રીક્ષાની સાફ સફાઈ કરતા હતા ત્યારે સીટ નીચેથી એક થેલી મળી આવી હતી.

જેમાં જોતા સોના ચાંદીના દાગીના જોવા મળતા પોલીસ મથકે દોડી આવ્યા હતા. બાદમાં બી ડિવિઝન પોલીસ દાગીના તેના મુળ માલીક મહિલાને પરત કરાવ્યા હતા અને રીક્ષાચાલકની ઈમાનદારીને બીરદાવી હતી.

# રાજકોટમાં હથિયારો વેચવાના નેટવર્કનો પર્દાફાશ કરતી અમદાવાદ એટીએસ

## ATSએ અમદાવાદમાંથી ચોટીલાના શખ્સને પકડયા બાદ રાજકોટ, ચોટીલા, સુરેન્દ્રનગર અને મધ્યપ્રદેશ શખ્સો પાસેથી ૨૫ પીસ્તોલ અને ૯૦ કાર્ટિસ કબજે કરી





સંજય દુદાભાઈ મેર



રાજુ જયંતીભાઈ સરવૈયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચૂંટણીને કારણે દિગ્ગજ નેતાઓની ગુજરાત મુલાકાતમાં વધારો થઈ ગયો છે. બીજી બાજુ ૧ મેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે ત્યારે તેમના પહેલાં કેન્દ્રીય ગૃહમંત્રી સહિતના નેતાઓ અહીં મુકામ કરવાના છે તે પહેલાં જ ગુજરાત એટીએસે મોટું ઓપરેશન પાર પાડી હથિયાર વેચાણના જબરદસ્ત નેટવર્કનો પર્દાફાશ કરી રાજકોટના બે સહિત છ હથિયાર સોદાગરોની ધરપકડ કરી લીધી છે.

એટીએસના ડીવાયએસપી હર્ષ ઉપાધ્યાયની આગેવાનીમાં પીએસઆઈ વી.આર.જાડેજા તેમજ વી.એન.ભરવાડ સહિતની ટીમે વોચ ગોઠવી અમદાવાદના નારોલ બ્રિજના પૂર્વ તરફના છેડે આવેલી ફૂટપાથ પરથી ચોટીલાના મનોજ ચૌહાણ નામના શખ્સને પકડી લીધો હતો. મનોજ પાસે એક થેલી મળી આવી હતી જેની તલાશી લેતા તેમાંથી ૧ પાંચ ની આથ કાને રગલ વિસ મળી આવતાં આ નેટવર્ક મોટું હોવાની આશંકાને સપન પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. તેની પ્રારંભીક પૂછપરછમાં એવો ખુલાસો થયો હતો કે આ નેટવર્કનો માસ્ટર માઈન્ડ મધ્યપ્રદેશનો શિવમ ઈન્દ્રસિંહ ડામોર છે જે છેથ્રા એકાદ વર્ષ દરમિયાન વિવિધ ટ્રાવેલ્સમાં મધ્યપ્રદેશથી જામખંભાળિયા દર ત્રીજા-ચોથા દિવસે અવર-જવર કરતો હતો. અહીં આવ્યા બાદ અલગ-અલગ જિલ્લાના હથિયાર સોદાગરોના સંપર્કમાં આવી તેમને મધ્યપ્રદેશથી હથિયાર પૂરા પાડતો હતો. આમ કરવાના બદલામાં તેને કમીશન મળતું હતું. તેણે છેલ્લા ત્રણેક માસ દરમિયાન અલગ-અલગ સોદાગરોને હથિયાર સપ્લાય કર્યા હોવાની કબુલાત આપતા એટીએસે રાજકોટ, અમરેલી તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં દરોડા પાડીને વધુ ૨૦ પીસ્તલ અને ૭૦ કાર્ટિસ કબજે કર્યા હતા. રાજકોટની વાત કરવામાં આવે તો જામટાવર પાસે ૧૮, કોઠી કમ્પાઉન્ડમાં રહેતો રાજુ જયંતીભાઈ સરવૈયા (ઉ.વ.૩૦) આ નેટવર્ક સાથે સંકળાયેલો હોવાથી તેની ધરપકડ કરી ૩ હથિયાર કબજે કરાયા હતા. આ ઉપરાંત લોઠડા ગામે રહેતો અને ખેતમજુરી કરતા સંજય દુદાભાઈ મેર (ઉ.વ.૨૩) પાસેથી ૪ હથિયાર અને ૧૦ કાર્ટિસ કબજે કરાયા હતા. આ બન્ને ઉપરાંત મધ્યપ્રદેશના શિવમ ઈન્દ્રસીંગ ડામોર, પ્રવીણ ધર્મેન્દ્ર શ્રીવાસ તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના વગડી ગામના વિપુલ વેલાભાઈ સાનિયા પાસેથી ૬ હથિયાર, ૨૦ કાર્ટિસ અને ચોટીલાના વાસ્કર કલા ગામે રહેતા મનોજ ગીરીશ ચૌહાણ પાસેથી ૪ હથિયાર કબજે કરવામાં આવ્યા હતા.

# શહેરમાં દારૂની અછત વચ્ચે સમન્વય સોસાયટીમાં બે શખ્સો મોંઘીદાટ વિદેશી દારૂ સાથે ઝડપાયા

## મારામારી અને દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન શખ્સ પાસામાં ધકેલાયો









નામચીન શખ્સ પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાત અને રાજકોટ શહેર માં ચૂંટણીપૂર્વે વિદેશી દારૂની અછત ના કારણે પ્યાસીઓ તલપાપડ થઈ રહ્યા છે ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ રેયા રોડ પર આવેલી સમન્વય સોસાયટીમાં બે બુટલેગરોને મોંઘીડાટ વિદેશી દારૂ ના જતા સાથે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઇ ગોંડલીયા ની સુચનાથી પીએસઆઇ એમ જે હુંલ કોસ્ટેબલ સંજયભાઈ તથા કિરતસિંહ તથા જનકભાઈ સહિત નો સ્ટાફ રૈયા રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે સમન્વય સોસાયટી મકાન નંબર ૩૦ માં દરોડો ઉપાડતા મોંઘી ડાટ ૨૯ બોટલ વિદેશી દારૂ સાથે કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે રહેતો મનીષ રસિક સંચલા અને મકાન માલિક પારસ ઉર્ફે રાજેશ સુભાષ વાળા નામના બે શખ્સોની ધરપકડ કરી રૂપિયા ૯૯,૯૦૯ ની કિંમત નો વિદેશી દારૂનો જથ્થો કબજે કરી આખરી પૂછપરછ કરતા દારૂનો જથ્થો નિખિલ કોટેચા નામનો શખ્સ આપી ગયા ને કબૂલાત આપતા પોલીસે આ નિખિલ કોટેચા ની શોધખોળ શરૂ કરી છે.

જયારે અન્ય એક બનાવમાં ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ આનંદ નગર કોટર નીલકંઠ સિનેમા સામે રહેતો અને અગાઉ મારા મારી તથા દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન સમીર ઉર્ફે સલીમ કાતર આમદ જુણેજ નામના સકસને અટકાયતમાં લઈ ભક્તિનગર પોલીસે પાસાનું વોરંટ બજવણી કરી અમદાવાદ જેલમાં પાસામાં ધકેલી દેવામાં આવ્યો છે.

# મુંજકામાં ભત્રીજી પર દુષ્કર્મ આચરનાર માસાને અંતિમ શ્વાસ સુધીની સજા

## વલ્લભીપુરથી પત્નીના ઓપરેશન માટે આવેલા શખ્સને હવસનો કીડો સળવળતા સગીરા પર નજર બગાડી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભાગોળે આવેલા મુંજકા ગામે શ્રમિક પરિવારની સગીર વયની પુત્રી પર નજર બગાડી અને હવસનો શિકાર બનાવવાનો કેસ અદાલતમાં ચાલી જતાં ભોગ બનનારના સગા માસાને અંતિમ શ્વાસ સુધીની એટલે આજીવન કેદની સજા ફટકારતો કોર્ટએ હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરના ભાગોળે આવેલા મુંજકા ગામ વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની માસુમ પુત્રીને હવસનો શિકાર બનાવ્યા અંગેની મહિલા પોલીસ મથકમાં ભાવનગર જિલ્લાના વલભીપુર ગામે રહેતો સગા માસા ધીરુ બીજલ વેગડ નામના શખ્સ સામે પીડીતાના માતાએ ગત તા. ૧૭/ ૦૫/ ૨૦૨૨ ના રોજ ફરિયાદ નોધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પરિણીતાની વલભીપુર ગામે રહેતી બહેનને મોતિયો ઉતરાવવા માટે તેમના ઘરે મુંજકાઆવેલી અને તેમની સાથે તેમનો પતિ ધીરુભાઈ બિજલભાઈ વેગડ પણ આવેલો હતો. પરિણીતાનો પરિવાર ઘરે ન હોય, પરણીતાની સગીર વયની પુત્રી (ઉ. વ. ૧૫ વર્ષ, ૬ માસ) ઘરે હતી ત્યારે ભાવનગર જિલ્લાના વલ્લભીપુર ગામે રહેતો સગા માસા ધીરુભાઈ બિજલભાઈ વેગડ દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદ પીડિતાના માતાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી હતી. પોલીસે દુષ્કર્મ અને પોકસોની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી ધીરુભાઈ બિજલભાઈ વેગડ (રહે. વલ્લભીપુર, જી. ભાવનગર )ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. તપાસનીશ દ્વારા આરોપી વિરુદ્ધ ગુન્હાને પૂરતો પુરાવો મળી આવતા પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી હતી. પોક્સો કોર્ટમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા પ્રોસીક્યુશન દ્વારા આ કેસના ફરિયાદી અને સગીર વયની ભોગબનનારની કોર્ટમાં જુબાની લેવામાં આવેલી અને જુબાનીમાં તેઓએ બનાવની સંપૂર્ણ હકીકત જણાવી અને સમર્થન આપ્યું હતું .તેમજ પ્રોસીક્યુશન દ્વારા ડોક્ટર અને તપાસ કરનાર અધિકારીની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલી કરેલ કાર્યવાહીની સંપૂર્ણ હકીકત જણાવેલ તેમજ સરકાર તરફે સરકારી વકીલએ દલીલ કરેલી કે આરોપી સામે સમાજ વિરોધી ગંભીર ગુનો છે. અને આરોપી ભોગબનનારનો સગો માસા થાય છે. આવા આરોપીના કૃત્યો સમાજની દષ્ટિએ તેમજ કાયદાની દષ્ટિએ ખૂબ જ હીન કક્ષાનું કહેવાય. પ્રોસીક્યુશન તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરેલો છે. જ્યારે આરોપી સામેનો કેસ પુરવાર થતો હોય ત્યારે આરોપીને સખતમાં સખત સજા કરવાની રજુઆત કરવામાં આવેલી હતી. સરકારી વકીલની દલીલ અને રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવા તેમજ સોંગદ ઉપરની જુબનીઓને ધ્યાને લઈ પોકસો અદાલતના જજ જે. ડી. સુથારે આરોપી ધીરુ બિજલભાઈ વેગડને કુદરતી રીતે મૃત્યુ ન થાય એટલે કે અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા તથા ભૌગબનનારને ચાર લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરેલો છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતી. તેઓની જુબાનીમાં તેઓએ હતા.

# માલધારી સોસાયટીમાં છરી ધોકા વડે ભાઈ બહેન પર હુમલોઃ સારવારમાં





**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટીમાં રહેતો જીતુ વલ્લભભાઈ રાઠોડ અને તેની બહેન સરોજ વિશાલભાઈ સોલંકી નામના બંને ભાઈ બહેન ગઈકાલે રાત્રિના ત્રણ વાગ્યે પોતાના ઘર પાસે હતા ત્યારે પાડોશમાં રહેતો વિશાલ તથા હજુ અને અજાણ્યા ત્રણ શખ્સોએ ઝઘડો કરી છરી અને ધોકા વડે હુમલો કરી હાથે પગે અને માથામાં ભાઈ બહેનને ગંભીર ઈજા પહોંચાડી નાસી જતા તાત્કાલિક સારવારમાં સરકારી હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યા છે બનાવની જાણ બી ડિવિઝન પોલીસ ને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે

# મેટોડામાં નાની બહેન સાથે ઝઘડો થતાં મોટીબેને વખ ઘોળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાના મેટોડા જીઆઈડીસીમાં આવેલ શ્રીનાથજી પાર્કમાં રહેતી ધો.૧૦ની છાત્રાને કામ બાબતેનાની બહેન સાથે ઝઘડો થતાં ઝેરી દવા પી લીધી હતી. યુવતીને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ લોધીકાના મેટોડા જેઆઈડીસીમાં આવેલ શ્રીનાથજી પાર્કમાં રહેતી સબનમકુ મારી વર્ષની યુવતી પોતાના ઘરે હતી ત્યારે સવારના છએક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવતીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસિપટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં સબનમકુમારી સોની ત્રણ બહેનમાં મોટી છે અને ધો.૧૦માં અભ્યાસ કરે છે નાની બહેન વર્ષાકુમારી સાથે કામ બાબતે ઝઘડો થતા તેણીને લાગી આવતા ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે.

# એચડીએફસી બેંકમાં રૂા.૯૮ લાખનો બનાવટી ચેક વટાવવાના ગુનામાં આરોપીના જામીન મંજુર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર સર્કલ ખાતે આવેલી એચ. ડી.એફ.સી બેંકમાં બનાવટી ચેક વટાવી રૂ. ૯૮ લાખનું બીજા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાના કેસમાં આરોપી નાશીર ખાનના કોર્ટે જામીન મંજૂર કર્યા હતા.

આ કેસની હકિકત મુજબ, ફરિયાદી અવધ મહેશભાઈ માંકડાનાએ તેની ભકિતનગર સર્કલ એડ.ડી.એફ.સી. બેન્કની સર્વિસ બ્રાન્ચે કોઈ અજાણ્યાં શખ્સ દ્વારા તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ ફિઝિકસવાલા પ્રા.લી. કંપની અલ્હાબાદ પ્રયાગરાજનો એડ.ડી.એફ.સી. બેન્ક એકાઉન્ટનો રૂા.૯૮,૦૦,૦૦૦/- નો ચેક કિલ્યેરીંગ કરવા આપી ગયેલ. બેન્કના કર્મચારીઓએ આ ચેક કલીયરીંગ કરતાં ફિઝિકસવાલા પ્રા.લી. ના અલ્હાબાદ પ્રયાગરાજના એકાઉન્ટમાંથી કર્ણાકટકના ચીકોળી ખાતે આવેલી એસ.ડી.એફ.સી.બેન્કના

રવીકિરણ કમલા કરનાં નામના એકાઉન્ટમાં જમા થયેલ. આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી બનાવટી ચેક ટ્રાન્સફર કરાવી લેતાં ભક્તિનગર પોલીસ મથકમાં વિશ્વાસઘાત છેતરપીંડી આચરવા ફરિયાદ નોંધાયેલ. જે કેસમાં આરોપી નાશીર અનવરૂદીન ખાનની અટક થતાં જામીન અરજી કરેલ.

આરોપીના વકીલ દ્વારા કોર્ટમાં કરવામાં આવેલી ધારદાર દલીલો તેમજ સુપ્રિમ કોર્ટના અને અન્ય ચુકાદાઓ રજુ રાખેલ. જે ચુકાદાઓ અને દલીલો ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટે આરોપીને રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

આ કામમાં આરોપી વતી વકીલ રાજેનભાઈ કોટેચા, કૃણાલ કોટેચા, વારિસ જુણેજા, રાજદીપ દાસાણી, ડેનીસા પટેલ, નિર્મિત ગોસ્વામી તેમજ ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ ધ્રુવ ટોલીયા રોકાયેલ હતા.